વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ

જાહ્નવી પરેશ ધ્રુ
(૧૯૪૪) ફોન. ૨૩૨૩૪૦૫૧

કપીલાબેન શાંતિલાલ મહેતા
(૧૯૪૧) ફોન. ૨૩૨૨૪૮૧૮

આનંદીમાના વડલે ચર્મરોગ નિદાન કેમ્પ યોજાશે

માણસા, તા. ૪

શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરીત આનંદીમાના વડલે અને મા પાલઈ વિઘ્નેશ્વરી ધામ, માણસા ખાતે તા. ૬ઠ્ઠી મે-૨૦૧૨ના રોજ બપોરે ૨ થી ૬ કલાક દરમિયાન ચામડીના રોગના નિદાનનો સારવાર કેમ્પ યોજાશે.

આનંદીમાનો વડલો, વાનપ્રસ્થાશ્રમ, માણસા-મકાખાડ રોડ, મલાવ તળાવ પાસે, માણસા ખાતે યોજાનાર ચામડીના રોગના નિદાન અને સારવાર કેમ્પમાં ગાંધીનગરના ચામડી, ગુપ્તરોગો, રક્તપિત, કોસ્મેટીક સર્જરી અને ડર્મેટો સર્જરીના નિષ્ણાંત ડૉ. ગૌરવ પટેલ ખાસ હાજર રહી માનદ્ સેવા આપશે.

મુખ્યમંત્રી દિલ્હીમાં એન.સી.ટી.સી.ની બેઠકમાં હાજરી આપશે

ગાંધીનગર, તા. ૪

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી આવતીકાલે નવી દિલ્હીમાં નેશનલ કાઉન્ટર ટેરરીઝમ સેન્ટર (એન. સી. ટી.સી.) અંગે વડાપ્રધાન શ્રી મનમોહનસિંહજીએ યોજેલી રાજ્યના મુખ્યમંત્રીશ્રીઓની પરિષદમાં હાજરી આપશે.

માધ્યમિક વિભાગના ફાજલ શિક્ષકો અને શિક્ષણ સહાયકોને સમાવવા રાજ્ય સરકારનો હકારાત્મક નિર્ણય

ફાજલ શિક્ષક ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં ફરજ બજાવી શકશે : અપર પ્રાઈમરીમાં શરૂ થતા ધોરણ-૮ના નવા વર્ગોમાં ફાજલ શિક્ષકોનો સમાવેશ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૪

શિક્ષણમંત્રી શ્રી રમણલાલ વોરાએ જણાવ્યું છે કે, માધ્યમિક વિભાગમાં ફાજલ પડેલાં શિક્ષકો અને શિક્ષણ સહાયકોને સમાવવા માટે રાજ્ય સરકારે સહાનુભૂતિપૂર્વક હકારાત્મક નિર્ણય લીધો છે. તદઅનુસાર માધ્યમિક વિભાગના ફાજલ શિક્ષકો ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં ફરજ બજાવી શકશે તથા અપર પ્રાઈમરી શરૂ થતાં ધોરણ-૮ના નવા વર્ગોમાં આવા ફાજલ શિક્ષકોનો સમાવેશ કરી શકાશે.

રાજ્ય સરકારે લીધેલા નિર્ણયની વિગતો આપતાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ધોરણ ૯ અને ૧૦ની માત્ર એક એક વર્ગ ધરાવતી શાળાઓમાં વર્ગ દીઠ ૧.૫ શિક્ષકના માપદંડમાં છૂટછાટ આપીને એક વધારાના શિક્ષક સાથે આચાર્ય સહિત ૪ શિક્ષકો મળવાપાત્ર થશે.

ફાજલ શિક્ષક/શિક્ષણ સહાયક ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક તરીકેની શૈક્ષણિક લાયકાત ધરાવતાં હોય અથવા માધ્યમિક શિક્ષક તરીકે સાત કે વધુ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવતાં હોય તો તેમની માતૃશાળા અથવા અન્ય કોઈપણ શાળામાં તેમને તેમના વિષયને અનુરૂપ ઉચ્ચત્તર માધ્યમિક વિભાગની ખાલી જગ્યાસામે પણ સમાવેશ કરી શકાશે. ચિત્ર શિક્ષક, સંગીત શિક્ષક, ઉદ્યોગ શિક્ષક જેવા ખાસ વિષયના ફાજલ શિક્ષકોને ગ્રંથપાલ, કારકૂન જેવી બિનશૈક્ષણિક જગ્યાઓમાં પણ સમાવેશ કરીને ભવિષ્યમાં તેમના વિષયો અનુરૂપ જગ્યા ઉપલબ્ધ થતાં શિક્ષક તરીકે પુનઃ સમાવેશ કરી શકાશે. રાજ્યમાં આર. એમ. એસ. એ. યોજના અંતર્ગત શરૂ થયેલી નવી માધ્યમિક શાળાઓમાં પણ હંગામી ધોરણે આ ફાજલ શિક્ષકોનો સમાવેશ કરાશે.

પ્રેમાલાપમાં મશગૂલ યુવાને બાળકને અડફેટમાં લીધો

બાળકને રસ્તા ઉપર જ તરફડતો મૂકી પ્રેમીઓ પલાયન

ગાંધીનગર, તા. ૪

ચ-૩ સર્કલ પાસે આજે બપોરે પ્રેમાલાપમાં મશગૂલ એક યુવાને રસ્તા પરથી પસાર થતા સાઈકલસવાર બાળકને અડફેટે લીધો હતો અને એ પછી પણ બાળકની પરવા કર્યા વિના આગળ વધી ગયો હતો.

પ્રેમ માણસને આંધળો બનાવી દે છે એવું સાંભળ્યું તો છે, પરંતુ, આજે જોયું પણ ખરું. બપોરે ૧૨ વાગ્યાના સુમારે સરિતા ઉદ્યાન તરફથી આવતી એક મોટરસાઈકલ ઉપર પ્રેમી પંખીડાં સવાર હતાં. પોતાના પ્રેમાલાપમાં દુનિયાનું ભાન ન રહેતાં આ બાઈકની ટક્કર રસ્તા પરથી પસાર થતા એક બાળકની સાઈકલને વાગી હતી, જે કારણે બાળક સાઈકલ સાથે રસ્તા પર પટકાયો હતો. પરંતુ તેમ છતાં બાળકને કોઈપણ પરવા કર્યા વિના પ્રેમી પંખીડાં આગળ વધી ગયા હતા.

ત્યાંથી થોડાક જ અંતરેથી પસાર થઈ રહેલા ગાંધીનગરના કલાકાર યુવાન દિવ્યકાન્ત વર્માએ આ અકસ્માત નજરે જોયો હતો અને એમણે પોતાનું બાઈક દોડાવીને પ્રેમી પંખીડાંનો પીછો કર્યો હતો. પરંતુ, પ્રેમી પંખીડાં ઝડપભેર આગળ વધી ગયાં હતાં અને દિવ્યકાન્તને બાળકનો વિચાર આવ્યો.

બાળક પાસે પહોંચ્યા પછી તેની ઈજા ચકાસી દિવ્યકાન્ત બાળકને તેના ઘરે મૂકી આવ્યા હતા. બાળક સેક્ટર-૮નો રહેવાસી હતો અને તેને થોડી ઈજાઓ પહોંચી હતી.

ખૂણે ખાંચરેથી

● એક જ સમાહમાં જનસેવા કેન્દ્રની ભારત સરકારના અધિક સચિવ રીટાબેન તેવટીયા પછી આજે મહેસુલમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે મુલાકાત લીધી હતી. ● ગાંધીનગર શહેરમાં સતત બદલાતા જતા હવામાનને પગલે વાઈરલ અને મચ્છરજન્ય રોગના દર્દીઓ વધી રહ્યા છે. ● શહેરની સ્વચ્છતાના મુદ્દે આજે વિપક્ષના નેતા શ્રી મનુભાઈ પટેલ, કાઉન્સીલરો શ્રી આશિષ દવે, કાર્તિક પટેલ, સુરેશ મહેતા, દેવેન્દ્રસિંહ ચાવડા નાયબ મ્યુનિ કમિશનરને મળી ઉગ્ર રજુઆતો કરી હતી. ● સ્વર્ણીમ પાર્કની સ્ટ્રીટલાઈટો બંધ રહેતી હોવાની ફરિયાદો હવે વ્યાપક બની છે અને આ માર્ગ પર અસામાજિક પ્રવૃત્તિઓ વધી હોવાની ફરિયાદો ઉઠી રહી છે. ● ગાંધીનગર જિલ્લાની કચેરીઓમાં સ્વચ્છતાના મુદ્દે પ્રશ્નાર્થો ઉભા થવા પામ્યા છે. ● ગેઝીયાના પ્રમુખ અને ભાજપ અગ્રણી એચ.એમ.પટેલ ચીનના પ્રવાસેથી પરત આવ્યા છે.

આજે ઉમિયા માતાના મંદિરે સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગર, તા.૪

શ્રી ઉમિયા માતા સંસ્થાન સેકટર-૧૨ ખાતે માતાજીના પાટોત્સવ ઉજવણીના ભાગરૂપે આજે તા. ૫ મે ૨૦૧૨ને શનિવારે રાત્રે ૮.૧૫ કલાકે કથાકાર કાન્તીભાઈ યોગીની વ્યાસપીઠે સુંદરકાંડના પાઠ યોજાશે તથા દર શનિવારે રાત્રે ૮.૩૦ કલાકે પંચદેવ મંદિર સેકટર-૨૨ ખાતે યોજાતા સુંદરકાંડના પાઠનો સમય બદલીને સાંજે ૬ કલાકે રાખવામાં આવ્યો છે. જેનો લાભ લેવા ભાવિક ભકતોને આયોજકોએ આમંત્રણ પાઠવ્યું છે.

આજે રૂપાલ અને સરઢવ ગામે સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર નજીક રૂપાલ ગામે સ્થિત શ્રી વરદાયની માતા મંદિરે આજે તા. ૫મી મે ૨૦૧૨ને શનિવારના ૩ કલાકે કથાકાર સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે સુંદરકાંડના પાઠ યોજાશે. આ ઉપરાંત રાત્રે ૮.૩૦ કલાકે સરઢવ ગામના ભાગોળે પણ સુંદરકાંડના પાઠ યોજાશે તો આસપાસના ગામના ગ્રામજનો અને ધર્મપ્રેમી જનતાને આ ધાર્મિક પ્રસંગે પધારવા આયોજકોએ ભાવભીનું આમંત્રણ આપ્યું છે.

ગુજરાત રાજ્યમાં મહિલાઓ સલામત નથી : મહિલા કોંગ્રેસ

ગાંધીનગર, તા. ૪

ગુજરાતમાં સ્ત્રી સશક્તીકરણની વાતો કરતી મોદી સરકારના શાસનમાં સ્ત્રીઓ સલામત નહિ હોવાનો આક્ષેપ કરતાં ગાંધીનગર શહેર અને જિલ્લા મહિલા કોંગ્રેસે સાંસદ પ્રભાબેન સાથે થયેલા વર્તાવ અંગે રાજ્યના મુખ્યમંત્રી જાહેરમાં માફી માંગે તેવી માંગ કરી છે.

આજે ઘ-૩ સર્કલ નજીક દેખાવો અને ધરણા યોજ્યા બાદ પ્રદેશ નીરીક્ષક માયાબેન દવે, જિલ્લા પ્રમુખ હીનાબેન પટેલ અને શહેર પ્રમુખ પ્રેમબા હાડાના નેતૃત્વમાં મહિલા અગ્રણીઓએ આ અંગે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આવેદન-પત્ર પણ આપ્યું હતું.

આજે આ દેખાવોમાં શહેર કોંગ્રેસના વિવિધ સેલની અગ્રણી મહિલાઓ ઉપરાંત મહિલા કાઉન્સીલરો પીન્કીબેન પટેલ, મીનાબા વાઘેલા, ભાવનાબા વાઘેલા, હંસાબેન મોદી, જિલ્લા પંચાયતના સભ્યો શ્રીમતિ ઉષાબેન પટેલ, હીનાબેન પટેલ વિગેરે મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

આ ધરણા અને દેખાવો સમયે મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, ડે. મેયર શ્રી યુસુફ પરમાર, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી પ્રવિણ પટેલ, શ્રી અશ્વિન વ્યાસ, શ્રી ચીમનભાઈ વિંઝુડા, શ્રી જીતુ રાયકા, શ્રી હર્ષજીત પંડ્યા સહિતના કાઉન્સીલરો પણ જોડાયા હતા.

પ્રદેશ નિરીક્ષક માયાબેન દવે અને જિલ્લા પ્રમુખ હીનાબેન પટેલે દાહોદમાં બનેલી ઘટનાને લોકશાહીના ચીરહરણ સમાન લેખાવી હતી. શહેર પ્રમુખ શ્રીમતિ પ્રેમબા હાડાએ સરકારે મહિલાઓનું અવમાન કર્યું હોય મુખ્યમંત્રીએ જાહેરમાં માફી માંગવી જોઈએ તેવી માંગ કરી હતી.

જાહેર માફી માંગે

● અનુસંધાન પહેલાનું ચાલુ

મ્યુનિસિપલ કોર્પોરેશનનાં પ્રવકતા અશ્વિન વ્યાસે એક સંયુકત અખબારી યાદીમાં જણાવ્યું છે કે ગુજરાત શહેરી વિકાસ મંત્રી નિતીન પટેલે તેમની વાણી પરનો કમાન ગુમાવી આડેધડ નિવેદનો કરીને પોતાની માનસિકતા છતી કરી છે.

ગાંધીનગરનાં ટાઉન હોલ ખાતે એક પ્રોગ્રામમાં ગુજરાત રાજ્યનાં મુખ્યમંત્રીશ્રીની હાજરીમાં શહેરી વિકાસ મંત્રી નિતીન પટેલે ગાંધીનગર કોર્પોરેશનને ગાંધીનગરનાં વિકાસના કાર્યમાં અને ગાંધીનગરની જનતાને સુખાકારી તરફ લઈ જઈ શકાય તે તરફ પ્રયાસ કરવાને બદલે ગાંધીનગરનો વિકાસ કેવી રીતે રૂંધાય તે દિશામાં પ્રયત્નો હાથ ધર્યા હોય તેવું તેઓના નિવેદનો ઉપરથી જણાઈ આવે છે. રાજ્ય સરકારનો વહીવટ એ કોઈ પક્ષની જાગીર કે પેઢી નથી કે કોઈ પાર્ટી ફંડ આપતી નથી. નિતિ નિયમો મુજબ રાજ્ય સરકાર જરુરી સહાય ગ્રાન્ટને આધિન આપતી હોય છે.

ગાંધીનગરની પ્રજાને સરકાર ગમે તેટલી ગ્રાન્ટ આપે છતાં સરકાર હંમેશા ભીખારી જ રહેવાની છે. કેમ કે સરકાર જયાં વસે છે ત્યાં ગાંધીનગરના આસપાસ વસતા ગ્રામ ખેડૂતોની જમીન પર વસેલ છે. મંત્રીશ્રી નિતીન પટેલને એ ધ્યાન દોરવાનું કે ભિખારી તો તમે અને તમારી સરકાર છે જે ગાંધીનગરની જનતાના જોરે વહીવટ કરે છે. આથી નિતીન પટેલે ભિખારી શબ્દ પ્રયોગ કર્યો જે ખુબ જ દુઃખદ બાબત છે. જે શબ્દથી ગાંધીનગરની સમગ્ર જનતા કદાપી માફ નહીં કરે. સમય આવે આનો જવાબ પ્રજા આપી દેશે.

જિલ્લા સેવા સદનની મુલાકાતે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉપસ્થિતિમાં જિલ્લાના અધિકારીશ્રીઓની સમીક્ષા બેઠક યોજાઈ હતી. જિલ્લા કલેકટર શ્રી પી. સ્વરૂપ દ્વારા મંત્રીશ્રી સમક્ષ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તાલુકા અનુસાર કરવામાં આવેલી કામગીરીનું ેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. આ ેઝન્ટેશનમાં જિલ્લાના તાલુકાવાર હક્ક પત્રક નોંધ પરત્વે થયેલ કામગીરી, હાલમાં જમીન મહેસુલ કાયદાની કલમ હેઠળ બિનખેતી અરજીઓ પરત્વેની વિગતો, ગણોતદ્યારાની કલમ હેઠળ શરત ફેર કરવામાં અંગેની અરજીઓ પરત્વેની વિગતો, જિલ્લામાં સરકારી કચેરીઓના મકાનના બાંધકામની વિગત,જિલ્લા જમીન તકેદારી સમિતિ (સીટ)ની બેઠક અંતર્ગત થયેલ કામગીરીની વિગતો, તુમાર નિકાલ અંગેની વિગતો અને ગાંધીનગર શહેરમાં વિવિધ -કારના ફાળવેલ પ્લોટ અંતર્ગત કરવામાં આવેલ વસુલાતની વિગતોની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

મંત્રી શ્રીમતી આનંદીબહેને જિલ્લા કલેકટર શ્રી પાસે બિન ખેતી મેળાના આયોજનની વિસ્તૃત માહિતી મેળવી હતી. જે અંતર્ગત મંજૂર કરેલા કેસોની સંખ્યા, શરતફેરના મંજૂર કરેલ કેસોની સંખ્યા અને મેળા દરમ્યાન વસુલ કરેલ નિમિયમ રકમની માહિતી કલેકટરશ્રીએ આપી હતી. તે ઉપરાંત કલેકટરશ્રીએ મંત્રીશ્રીને એટીવીટી કાર્યક્રમની માહિતી આપતા જણાવ્યું હતું કે, શરૂઆત થી હાલ સુધી જિલ્લામાં કુલ- ૬૨,૧૦૮ અરજીઓ આવી હતી.જેમાંથી ૬૧,૧૯૦ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે. મંત્રીશ્રીએ બન્ને -ાંતઅધિકારીશ્રીઓ પાસે એટીવીટી અંતર્ગત તાલુકા કક્ષાએ કરવામાં આવેલી કામગીરીની માહિતી મેળવી હતી. આ કાર્યક્રમ અંગે લોકોમાં લોક જાગૃતિ કેળવાય તેની સાથે સાથે કલસ્ટર અધિકારીશ્રીઓ પાસે ગામની આંગણવાડીના બાળકો, ગામની શાળામાં અભ્યાસ કરતાં બાળકોના વાંચન-લેખન અંગેની માહિતી, સ્વચ્છતા સાદાનો ગામમાં કેવા છે. અને સગર્ભા બહેનોની ડિલેવરી દવાખાનામાં થાય છે કે નહિં જેવી બાબતોનું બારીકાયથી અભ્યાસ કરાવવા સુચના આપી હતી.

આ બેઠકમાં જિલ્લા -ભારી સચિવ શ્રી સી.એલ.મીના, નિવાસી અધિક કલેકટરશ્રી ડી.બી. મહેતા, -ાંત અધિકારીશ્રી -કાશભાઈ મકવાણા અને એચ.એન.પટેલ સહિત સંબંધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહયાં હતાં.

શબ્દાવલી - ૪૭૨૦

૧	૨	૩		૪	■	૫	૬
૭			■	૮			
	■	■	૯		■		■
૧૦		૧૧	■	૧૨			■
■	■	૧૩			■	■	૧૪
૧૫	૧૬		■	■	૧૭		
૧૮		■	૧૯			■	
૨૦			૨૧				

આડી ચાવી

૧. ચુનો પકવનાર કે ધોળનાર (૩)
૪. ફળ, સફળતા, ઉપજ (૪)
૭. કેર, જુલ્મ (૩)
૮. રાન, જંગલ (૨)
૧૦. મફત પાણી પીવડાવે તે સ્થળ (૩)
૧૧. જર્જરીત, જૂનું પુરાણું (૪)
૧૨. નાડી, નસ (૨)
૧૪. ઊંચા કુળનું, ખાનદાન (૩)
૧૫. સાડીમાં માથે ઓઢવાની જગ્યાએ અસ્તર જેવો ટૂકડો લગાવે તે (૫)
૧૭. કંઈ પણ, કંઈક (૨)
૧૮. સુહાગરાત (૫)
૨૧. વળાવેલ, મોકલેલ (૩)
૨૨. હાથી, એક માપ (૨)

ઊભી ચાવી

૧. ચાડી ખાનાર - કરનાર (૫)
૨. હાવભાવ, લાડ (૨)
૩. રૂઆબ (૨)
૪. દેવને ખુશ કરનાર માનવ-પશુની આહુતિ (૨)
૫. લીફાફો, પરબીડિયું (૩)
૬. શરીર, અતિપ્રિય (૫)
૯. લખાણમાં વાક્યને અંતે મુકાતું ટપકું (૫)
૧૦. પાંદડાની બનાવેલ ઝૂંપડી (૫)
૧૩. ગમગીન, દુઃખી (૪)
૧૬. ખુબ વધારે (૨)
૧૭. કાવ્ય બનાવનાર (૨)
૧૯. જગત, પાણી ભરવાનું પાત્ર (૨)
૨૦. પોતાની જાતે, સ્વ (૨)

શબ્દાવલી ૪૭૧૯ના જવાબ

આડી ચાવી :- (૧) નાશકારક (૫) વ્યાસ (૭) સીમાન્ત (૮) સાનુકૂળ (૯) સઈ (૧૦) સમાજ (૧૨) વારતા (૧૩) શનેડો (૧૫) ફૅશન (૧૭) ફરક (૧૮) સમ (૨૦) લૉન (૨૧) શરતચૂક

ઊભી ચાવી :- (૧) નાસીપાસ (૨) શમા (૩) કાન્ત (૪) કસાઈવાડો (૫) વ્યાકૂળતા (૬) સળ (૧૧) જશન (૧૪) ચકમક (૧૫) ફેંસલો (૧૬) શમન (૧૭) ફજેત (૧૯) જસ

મોંઘેરા મોતી

(પાના નં. ૪ નું ચાલુ)

જિતુ ત્રિવેદી ભર્યો-ભર્યો માણસ છે. સાચો છે, સહૃદયી છે. મૃદુ હૃદયનો છે અને મિત્રનો મિત્ર છે. ગઝલ લેખન શિક્ષણ, બાળગીત-વાર્તા લેખન શિક્ષણ, વિવેચન અને આસ્વાદમાં શોખ ધરાવતા શ્રી જીતુ ત્રિવેદીના હાસ્ય કટાક્ષ લેખો પણ પ્રકાશિત થયા છે. તેઓ હિન્દી, ગુજરાતી એ અંગ્રેજી ભાષાના સારા પ્રુફ રીડર છે અને તેના વિશે શાળા કૉલેજમાં વક્તવ્યો આપે છે. સમાજને પોતાનાથી થતું વધુને વધુ આપવાની ઉમદા ભાવના દર્શાવતા આ કવિએ ચોપન વર્ષની વયે એસ.બી.આઈ.માંથી નિવૃત્તિ લીધી છે પણ અગણિત પ્રવૃત્તિઓ છોડી નથી.

શકિતનું કયું સ્વરૂપ સમાજને ઉપકારક છે ?

(પાના નં. ૪ નું ચાલુ)

શક્તિ પાણીના ડેમમાં પણ છે અને ભયંકર પૂરમાં પણ.

શક્તિ દીવાની જયોતમાં પણ છે અને પ્રચંડ અગ્નિમાં પણ.

શક્તિ વાયુમાં પણ છે અને ભીષણ આંધીમાં પણ.

શક્તિના લોકહિતકારી સ્વરૂપને ઓળખવાની જરૂર છે. સ્વાર્થી અને ખુશામતખોરોના ટોળામાં શક્તિ નથી હોતી. શક્તિ તો હોય છે સત્યનો આધાર લઈને ભેગા થયેલાઓના સંગઠનમાં.

શક્તિ જેમ માનવની, તેમ સંગઠનની પણ...

સંગઠનની શક્તિ છે. પણ એનો આધાર વિશુધ્ધ હોવો જોઈએ. સંગઠન તો માફિયાઓનું પણ હોય... એ સમાજની સાચી શક્તિ નથી. એનો પ્રતિકાર કરનારાઓનું સંગઠન બને એ સમાજની શક્તિ છે. અત્યારે સમાજમાં તામસિક શક્તિઓનો પ્રભાવ વધી રહ્યો છે. એને નાથવા સાત્ત્વિક શક્તિઓને સંગઠીત કરવી આવશ્યક છે, જેમ મહિષાસુરને નાથવા સમગ્ર દેવોની શક્તિ દુર્ગાસ્વરૂપે પ્રગટી તેમ!

પરંતુ એ માટે આપણે સહુને લઘુતા ત્યાગી ગુરુતા તરફ પ્રયાણ કરવાની જરૂર છે... સમાજનું મન તૈયાર કરવાની જરૂર છે. પરિસ્થિતિ સાનુકૂળ હોય કે પ્રતિકૂળ... દૃઢસંકલ્પિત મન ચમત્કારો સર્જી શકે.

શાસ્ત્રકારોએ મનને જ મિત્ર માન્યો છે. મનને બદલી દેવાથી ખરાબ પરિસ્થિતિઓ અનુકૂળ બનાવી શકાય છે.

એક નાની છોકરીને સ્વપ્નામાં વાઘ દેખાતો હતો, તે ખૂબ ડરી જતી, હાલત બગડતી જોઈ તેને એક મનોચિકિત્સક પાસે લઈ જવામાં આવી.

બધી વાત સમજ્યા પછી મનોવૈજ્ઞાનિકે છોકરીને કહ્યું, ''એ વાઘ મને પણ રોજ સ્વપ્નામાં દેખાય છે. તે તો બહુ ભલો છે. જરાય કરડતો નથી. રમતિયાળ સ્વભાવનો હોવાથી મિત્ર શોધે છે અને તેથી એ સ્વપ્નામાં આવે છે. હવે જો સ્વપ્નામાં આવે તો દોસ્તી બાંધજે અને પછી જો જે કે તે કેટલો ભલો અને આનંદી છે?''

છોકરીનું સમાધાન થઈ ગયું. તે પ્રસન્ન થઈ પાછી આવી. સ્વપ્નું તો હજું પણ આવતું પણ હવે તે રાતમાં હસતી અને આનંદ કરતી હતી.

આપણે સહુ - સમાજના ઘટકો મનના આ સ્વરૂપને ઓળખી સજ્જનશક્તિના નિર્માણ માટે તમામ શક્તિઓને કામે લગાડી દઈએ અને બાકી વાતોને ભૂલી જઈએ... પછી પરિણામની ચિંતા કરવાની જરૂર નહીં રહે.'

સમાચાર ઝલક

● કિભકોમાં ૬૦૦ કરોડનું ઓવર વેલ્યુ કૌભાંડ ઝડપાયું.
● પારડીમાં વિધવાએ પ્રેમી સાથે મળીને લૂંટ કરી : બેની ધરપકડ.
● બામરોલીમાં પાણી ભરવા ગયેલી પરિણીતાનુ કૂવામાં પડી જતા મોત.
● શનિવાર રાતથી સવાર સુધી જોવા મળશે વર્ષનો સૌથી મોટો ચંદ્ર.
● ફતેપુરામાં પોલીસ લાઈન નજીક તોતીંગ ઝાડ પડતા બે દબાયા.
● નડિયાદમાં ચિકનગુનિયાના ૬૦ કેસ આરોગ્ય ટીમના ધાડા ઉતર્યા.
● પીપરોમાં હથિયારધારી ધાડપાડુ ટોળકીનો આતંક.
● રાજકોટના વિવાદાસ્પદ પોલીસ કમિશનર ગીતા જોહરીની બદલી.
● જૂનાગઢના શક્કરબાગ ઝૂ માં શાહમૃગ અને નિલગીરી લંગૂરને લવાશે.
● મહેસાણાના વી.કે. વાડી વિસ્તારમાં પીળિયાનો ભરડો.
● ચારણકા સોલાર પાર્કમાંથી કેબલ ચોરાયો.
● ભૂજમાં દેવુ થલા ભાજપના નેતાએ ઘેનની ગોળીઓ ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો.
● ખુરશી પરથી ઉભા થવાનું કહેતા માંડવી મામલતદારની કચેરીની મહિલાએ કર્મચારીને લાફા માર્યા.
● આઘોઈમાં બે સુરખાબ ભૂલા પડ્યા, પ્રકૃતિની ગોદમાં પરત મોકલાયા.
● પુત્રના લગ્નમાં આમંત્રણ ન મળતા આદિપુરના ડિવોર્સી વૃદ્ધ પિતાએ આપઘાત કર્યો.

અમરેલીના દેવકા ગામે પૂજય રમેશભાઈ ઓઝાની શ્રીમદ્ ભાગવત કથા

ગાંધીનગર, તા. ૪

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના દેવકા મુકામેદેવકા વિદ્યાપીઠના ઉદ્ઘાટન પ્રસંગે અષ્ટોત્તર શતૂ શ્રીમદ્ ભાગવત કથાનુંઆયોજન કરવામાંઆવ્યુંછે.

આ શુભ પ્રસંગની શરૂઆત તા. ૧૦ મે ના રોજ થવાનો છે. અને આની પૂર્ણાહૂતિ તા. ૧૭ મે ૨૦૧૨ ના રોજ થવાની છે. આ પ્રસંગે કથાના વક્તા તરીકે શ્રી પ.પૂ. રમેશભાઈ ઓઝા (પૂ. ભાઈશ્રી) કથાનું રસપાન કરાવવાના છે. આ પ્રસંગે આશીર્વચન આપવા માટે મહા મંડલેશ્વર પ.પૂ. કાષ્ણિ, ગુરુ શરણાનંદજી મહારાજા (રમણરેતી - ગોકુળ) પ.પૂ. શ્રી મગનજી બાપા (મેનેજિંગ ટ્રસ્ટીશ્રી ગુરુઆશ્રમ બગદાણા) પ.પૂ. શ્રી મોરારીબાપુ (રામાયણ મર્મજ્ઞ, તલગાજરડા - મહુવા), પ.પૂ. મુકતાનંદ સ્વામી (સુવેર ધામ : ચાપરડા), પ.પૂ. શ્રી જીણારામ બાપુ (મોઘીબાની જગ્યા, સિહોર - ભાવનગર) હાજર રહેશે.

આ પ્રસંગે માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી (ગુજરાત રાજ્ય) પણ હાજર રહેવાના છે.ય

આ પ્રસંગમાં સહયોગ દાતા - શ્રીમતી કોકિલાબેન ધીરુભાઈ અંબાણી (રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, ઈન્ડિયા) આ શુભ પ્રસંગે પોથીજી તથા યજ્ઞના મુખ્ય આચાર્યશ્રી પ.પૂ. શ્રી હરિશંકર મણીશંકર શ્રોત્રિય (દેવકા) રહેશે. સાંદિપનિ વિદ્યાનિકેતનનાં ૧૦૮ ઋષિકુમારો શ્રીમદ્ ભાગવતજીના ૧૮,૦૦૦ શ્લોકોનું સસ્વર ગાન કરશે. દરેક શ્લોકોને આહુતિ સાથે યજ્ઞ સંપન્ન થશે.

ભારતમાં નવી ઓડી એ-૪નો પ્રવેશ

જર્મન લકઝરી કાર ઉત્પાદક ઓડીએ લાંબા સમયથી વેચાણ ધરાવતી સેડાન નવી ઓડી એ-૪નાં લોચિંગની જાહેરાત કરી છે. નવી ઓડી એ-૪ તેની નવી ભાવનાત્મક અપીલને કારણે યુવા અને વ્યાપક ગ્રાહકો સુધી પહોંચશે. નવી ઓડી એ-૪ તેના અસાધારણ ફીચર્સને કારણે તેના અગાઉના મોડલની સરખામણીમાં નોંધપાત્ર લાભ આપે છે. અને શક્તિશાળી ડાયમેનિક ડિઝાઈન ધરાવે છે. રૂા. ૨૮,૪૭,૦૦૦ (એકસ શોરૂમ, ગુજરાત)થી ચાલુ થતી ઓડી એ-૪નું સ્પોર્ટી અને સ્ટાઈલીશ નવું મોડલ હવે દેશભરમાં ઓડીના ડીલરને ત્યાં ઉપલબ્ધ છે.

ઓડી ઈન્ડિયાના વડા માઈકલ પર્શકે એ જણાવ્યું હતું કે ''નવી ઓડી એ૪ તેની પ્રગતિશીલ ડિઝાઈન, કાર્યક્ષમ ડ્રાઈવિંગ સ્થિતિ અને કલાસિક ઈન્ટિરીયર્સને કારણે તેના ગ્રાહકોને ડ્રાઈવિંગનો અનુભવ નવા સ્તરે લઈ જશે. પોતાના સ્ટેટસ અને પોઝિશન પ્રમાણે જીવન જીવતી યુવા પેઢીને ઓડી એ૪નો યંગ અને સ્લીક લુક્સ ચોક્કસપણે અપીલ કરશે. ચડિયાતી ટેકનોલોજી સાથેનાં તેના એન્જિન્સ વધુ સારી ઈંધણ કાર્યક્ષમતા આપે છે. અને નવાં અને સુધારેલા લાઈન્સ અને ઈન્ટિરીયર્સ કમ્ફર્ટ અને લકઝરી આપશે, જેની ઓડી પાસેથી અપેક્ષા રાખવામાં આવે છે. એ૪ના અગાઉના વર્ઝનને વેચાણમાં ઉત્તમ કામગીરીને પગલે અમને નવી ઓડી એ૪ને નિર્ધારિત સમય પહેલાં લોંચ કરવાનું પ્રોત્સાહન મળ્યું છે.''

ઓડી ભારતની ઝડપી વૃદ્ધિ કરી રહેલી લકઝરી બ્રાન્ડ છે. ચાર બંગડી સાથેની આ બ્રાન્ડ સ્પોર્ટસ કાર સેગમેન્ટમાં માર્કેટ લીડર છે, જેમાં ઓડી આર૮, ઓડી આરએસ ૫, અને ઓડી ટીટી તથા લકઝરી એસયુવી સેગમેન્ટમાં ઓડી ક્યુ૫ અને ઓડી ક્યુ ૭નો સમાવેશ થાય છે. નવી ઓડી એ ૪ના લોંચથી ઓડી લિમોઝીનની એ રેન્જ મજબૂત બનશે અને આ સેગમેન્ટમાં ઓડીની લીડરશીપને વધુ મજબૂત બનાવશે. એ ૪ છેલ્લાં ૩૯ વર્ષથી બેસ્ટ સેલર રહી છે. અને આ તેની આઠમી પેઢી છે. ૧૯૭૨થી અત્યાર સુધી એક કરોડ એ૪ વેચાઈ છે અને ઓડીના ઈતિહાસમાં સૌથી સફળ મોડલ છે.